અતિથિના સ્વાગત વખતે કરાયેલા મંત્રોચ્ચાર સામે અમુક તત્વોએ અશોભનીય વિરોધ કર્યો

સોમનાથ પાઠશાળાના છાત્રોને મંત્રોચ્ચાર ન કરવા દેતા ઉગ્ર રોષ

કઠલાલ બ્રહ્મસમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી કડક પગલા ભરવા માગણી કરી

(પ્રતિનિધિ) કઠલાલ તા.18

સોમનાથ ખાતે રાષ્ટ્રપતિના આગમન પ્રસંગે સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને પવિત્ર મંત્રોચ્ચાર કરતા રોકવામાં આવ્યાં હતાં. આ અંગે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) એ વિરોધ વ્યક્ત કર્યો હતો અને કઠલાલ ખાતે મામલતદારને આવેદનપત્ર આપી કાયદેસરની પગલાં લેવા માગણી કરી હતી. આ ઉપરાંત આ ઘટનાને વખોડી કાઢી હતી.

કઠલાલ તાલુકાના સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજે મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિના આગમન પ્રસંગે સોમનાથ મહાદેવના જ્યોતિર્લિંગ મંદિરમાં સોમનાથ ટ્રસ્ટ સંચાલિત સંસ્કૃત પાઠશાળાના બાળવિદ્યાર્થીઓએ પવિત્ર મંત્રોચ્ચાર દ્વારા ધર્મસૂચક સ્વાગત કર્યું હતું. આ રિવાજ આપણા દેશની પરંપરા 'અતિથિ દેવો ભવઃ' અને 'વસુધૈવ કટુમ્બકમ્'ની જીવંત અનુભૂતિ છે. આ સદાયે વૈદિક ધ્વનિથી ગુંજતા વિશ્વનું સૌપ્રથમ જ્યોતિર્લિંગ અને સૌથી પ્રાચીન તીર્થ સોમનાથમાં ભગવાન સમાન અતિથિના સ્વાગત વખતે કરાયેલા આ પવિત્ર મંત્રોચ્ચાર સામે અમુક તત્વોએ જે રક્ષણહીન અને અશોભનીય વિરોધ કર્યો, તે માત્ર બાળ વિદ્યાર્થીઓ માટે નહીં, પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃતિ માટે અપમાનજનક છે. આ તત્વોને ન માત્ર બાળ વિદ્યાર્થીઓના આધ્યાત્મિક અભ્યાસમાં અડચણ ઉભી કરવાનો પ્રયત્ન કર્યો, પણ મંદિરના પવિત્ર વાતાવરણને પણ ખંડિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. આથી, આ ઘટનાની તાત્કાલિક તપાસ કરી, અનઅધિકૃત રીતે ઘસીને વિરોધ કરનારા તત્વો સામે પગલાં લેવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી.

આણંદ જિલ્લામાં બાળકોનો સર્વે હાથ ધરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ 2009 અંતર્ગત દિવ્યાંગ સહિતના તમામ બાળકોનો સર્વે હાથ ધરવામાં આવશે.

આણંદ જિલ્લામાં જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલા 6થી 18 વર્ષની વય જૂથના બાળકો કે જેઓ પોતાનું ધોરણ 1થી 12નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા ન હોય તેવા બાળકો તથા દિવ્યાંગ સહિતના બાળકોનો આ વર્ષનો સર્વે 9મી નવેમ્બરથી 23મી નવેમ્બર 2025 સુધી સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ સ્ટાફ શાળા વ્યવસ્થાપન સમિતિ તથા અન્ય વિભાગના સહયોગથી કરાશે. આ સર્વે પ્રક્રિયામાં આણંદ જિલ્લાના નાગરિકોનો પણ સાથ અને સહકાર મળે તેવી જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,આણંદ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ચારૂસેટમાં વાર્ષિક ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું

ચારૂસેટ યુનિવર્સિટીના રળિયામણા કેમ્પસમાં ચારુસેટ પરિવાર દ્વારા દર વર્ષની આગવી પરંપરા મુજબ ઝળહળતી સંધ્યાએ વાર્ષિક ગરબા મહોત્સવ 'વૃંદ 2025' 'રાત્રી આફ્ટર નવરાત્રી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માતૃસંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ, સીએચઆરએફના પ્રમુખ વિપુલભાઈ પટેલ, કેળવણી મંડળના સહમંત્રી મધુબેન પટેલ, કેળવણી મંડળના સહમંત્રી ગીરીશભાઈ બી. પટેલ, ચારૂસેટના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ, રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલ, માતૃસંસ્થા-કેળવણી મંડળ-ચારૂસેટના પદાધિકારીઓ, સભ્યો, વિવિધ કમિટીના સભ્યો, આમંત્રિત મહેમાનો, વિવિધ સંસ્થાઓના પ્રિન્સિપાલ, ડીન, સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ અને ચારૂસેટ પરિવારના સભ્યોએ મોટી સંખ્યામાં રંગબેરંગી પારંપરિક પરિધાનોમાં મનમોહક સંગીતના સથવારે માતાજીની આરાધના કરી હતી અને 'રાત્રી આફ્ટર નવરાત્રી'માં ઉત્સાહભેર ગરબાની રમઝટ માણી હતી.

વડતાલધામ સ્વામિનારાયણ મંદિરમાં 200 કિલો ઘારીનો અન્નકૂટ ઉત્સવ ઉજવાયો

સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલધામ ખાતે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી તથા આચાર્ય પદ સ્થાપન દ્વિશાતાબ્દી મહોત્સવના ઉપક્રમે 12મીને રવિવારના રોજ યજમાન અલ્પિતભાઈ પંકજભાઈ પટેલ (બરોડા) તથા મૌલેશભાઈ ભુપેન્દ્રભાઈ કોઠારી (અમદાવાદ) પદે 200 કિલો ઘારીનો અનોખો ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે વડતાલ પીઠાધીપતિ આચાર્ય 1008 રાકેશપ્રસાદજી મહરાજે આરતી ઉતારી હતી. આ પ્રસંગે કોઠારી દેવપ્રકાશ સ્વામી, બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદજી તથા શ્યામવલ્લભસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

કઠલાલ પોલીસે યુવક સામે ગુનો નોંધી કોર્ટમાં ચાર્જસીટ રજુ કરી હતી

આણંદના યુવકને સગીરા પર દૂષ્કર્મ બદલ વીસ વર્ષની કેદ

મહુધાના ચુણેલ ગામમાં રહેતા યુવકે સગીરાને ભગાડી જઇ દુષ્કર્મ ગુજાર્યું હતું

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદના પરીખ ભુવનમાં રહેતો અને મહુધાના ચુલેણ ગામ સ્થાયી થયેલા યુવકે સગીરાને ભગાડી જઇ તેના પર દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ ગુના બદલ તેને 20 વર્ષની કેદની સજા અને દંડ ફટકારવામાં આવ્યો છે.

આણંદના પરીખભુવનમાં રહેતો અને કેટલાક સમયથી મહુધાના ચુલણે ગામમાં સ્થાયી થયેલા અનિલ રાજુભાઈ પટેલ (ધાનક)એ 16 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવ્યાં બાદ લગ્નની લાલચ આપી 7મી નવેમ્બર, 2023ના રોજ ઘરેથી ભગાડી ગયો હતો. બાદમાં તેને વિવિધ સ્થળે લઇ જઇ દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે કઠલાલ પોલીસે અનિલ પટેલ (ધાનક) સામે વિવિધ કલમ હેઠલ ગુનો નોંધી તેની ધરપકડ કરી જરૂરી કાર્યવાહી બાદ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું.

આ કેસ કપડવંજ સેશન્સ કોર્ટ (સ્પેશ્યલ પોક્સો કોર્ટ) માં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ મિનેષ આર. પટેલ દ્વારા 35થી વધુ દસ્તાવેજી પુરાવા તથા 11 મૌખિક પુરાવા સાથે કેસ રજુ કર્યો હતો. આ કેસમાં ભોગ બનનારની જુબાની તથા મેડિકલ પુરાવા, સાહેદોની જુબાની, મેડિકલ પુરાવા તથા સરકારી વકિલની દલીલો ધ્યાને રાખી કોર્ટે અનિલ પટેલ (ધાનક) ને દોષિત જાહેર કર્યો હતો અને તેને 20 વર્ષની કેદની સજા તથા દંડ ફટકાર્યો હતો.

કઇ કલમમાં કેટલી સજા થઇ ?

આઈપીસી કલમ - 363ના ગુનામાં ચાર વર્ષની સાદી કેદની સજા તથા રૂ.અઢી હજારનો દંડ. જો દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

પોક્સો કલમ-6ના ગુનામાં 20 વર્ષની સશ્રમ કેદની સજા તથા રૂ.પાંચ હજારનો દંડ. જો દંડની રકમ ન ભરે તો વધુ પાંચ વર્ષની સાદી કેદની સજા.

આણંદમાં બ્રહ્માકુમારી દ્વારા સેવા કેન્દ્રોનો પ્રારંભ કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદના બાકરોલ સ્થિત બ્રહ્માકુમારી ખાતે ઈશ્વરીય સેવાકેન્દ્રો કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે.

ગુજરાત રાજ્યમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની ઈશ્વરીય સેવાની ષષ્ઠીપૂર્તિ નિમિત્તે બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ કાર્ય યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે. જે નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ગ્રુપ સેવા કેન્દ્રોનું લોન્ચિંગ 26મી ઓક્ટોબર સાંજે 6-30 કલાકે બ્રહ્માકુમારીઝનું આણંદ - બાકરોલ સ્થિત વર્લ્ડ ઓફ સાયલંસ વિનુકાકા માર્ગ, બાકરોલ ખાતે રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે મહાનગરપાલિકા વિસ્તારના સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, ઔદ્યોગિક, તબીબી, ધાર્મિક - આધ્યાત્મિક, મહિલા, વરિષ્ઠ નાગરિકો અને યુવા વર્ગના ગણમાન્ય વિશેષ નાગરિકો પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને કાર્યક્રમને પોતાની શુભેચ્છા અર્પવાના છે. આ સમારંભના મુખ્ય વક્તા તરીકે અમદાવાદથી રાજયોગિની બ્રહ્માકુમારી શારદાબહેન ઉપસ્થિત રહેશે. આ ઉજવણી અને સેવાના પ્રકલ્પ દ્વારા સંસ્થા સમગ્ર વિશ્વમાં એકતા અને વિશ્વાસનો પ્રકાશ ફેલાવવા માટે શાંતિનું યોગદાન સ્વીકારી 100 કરોડ મિનિટોનું યોગદાન એકત્ર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સંસ્થાના સંચાલિકા રાજયોગિની બ્રહ્માકુમારી જાગૃતિબહેનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

બોરિયાવી ગામના ખેડૂતને રાજ્યકક્ષાનો બેસ્ટ આત્મ ફાર્મર એવોર્ડ અર્પણ કરાયો

આણંદ | આણંદ જિલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રમુખસ્વામી અર્બન કોમ્યુનિટી હોલ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના રવિકૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન યોજાયું હતું. જેમાં જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કલા ખેડૂતોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે બોરિયાવી ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશભાઈ સોમાભાઈ સોલંકીને જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા પ્રાકૃતિક કૃષિમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ રાજ્યકક્ષાના બેસ્ટ આત્મા ફાર્મર તરીકે એવોર્ડ એનાયત કરાયો હતો. નરેશભાઈ છેલ્લા 20 વર્ષથી તેમના ખેત પેદાશોનું મૂલ્યવર્ધન કરીને વેચાણ કરે છે.

ચારુસેટ સંલગ્ન કોલેજ દ્વારા સિમ્યુલેશન વર્કશોપ-કમ-કોમ્પીટીશન 'ડોક ટુ રોક' યોજાઇ

આણંદ | ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી દ્વારા ફ્લેગશીપ સિમ્યુલેશન વર્કશોપ-કમ-કોમ્પીટીશન 'ડોક ટુ રોક'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ અને સ્પર્ધાત્મક પડકારોનો સમન્વય કરવામાં આવ્યો હતો જેણે વિદ્યાર્થીઓને પરિવર્તનશીલ શૈક્ષણિક અનુભવ પ્રદાન કર્યો હતો. મોડર્ન મેડીસીનલ કેમેસ્ટ્રીના કેટલાક સૌથી અદ્યતન સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ ઇન્ટરેક્ટિવ સેશન અને લાઇવ સિમ્યુલેશનમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડો. મનન રાવલે વિદ્યાર્થીઓને ફાર્માસ્યુટિકલ સાયન્સમાં નવીનતા લાવવા માટે પ્રેરિત કર્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

આણંદ | માલવિયા મિશન ટીચર ટ્રેનીંગ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટીના સહયોગથી અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં કોમર્સ અને મેનેજમેંટ વિષયમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગીય વડા ડો. યજ્ઞેશ દલવાડી અને એફડીપીના કોર્ડીનેટર ડો. અંકુર અમીને સાત દિવસનો ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ કોમર્સ અને મેનેજમેન્ટના અધ્યાપકો માટે આયોજિત કર્યો હતો. આ પ્રસંગે કુલપતિ નિરંજન પટેલના અધ્યક્ષ સ્થાને અને ડો. નિખિલ ઝવેરી પૂર્વ પ્રોવોસ્ટ જીએસએફસી યુનિવર્સિટીના મુખ્ય મહેમાન પદે આ એફડીપીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાઇનાન્સ કોલેજ, સરકારી કોલેજ અને વિવિધ અનુદાનિત કોલેજમાંથી 47 અધ્યાપકોએ આ એફડીપીમાં ભાગ લીધો હતો.

બાકરોલ સ્થિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસમાં પ્રિ-દિવાળી સેલિબ્રેશનનું યોજાયું

આણંદ | તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ બાકરોલમાં પ્રિ-દિવાળી સેલિબ્રેશનનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ , મોનલ પટેલ અને તેમનો પરિવાર, કેમ્પસ કોઓર્ડિનેટર ડો. ફોરમ પટેલ, ધિરેન પટેલ, સંસ્થાની તમામ કોલેજોના આચાર્યો, તમામ કોલેજોના આઇ.ક્યુ.એ.સી. કોઓર્ડિનેટરો, ટ્રસ્ટના કારોબારી સભ્યો, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સેવક સભ્યો, સર્વે મીડિયા પ્રભારીઓ તેમજ સ્પેકીયન વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વડતાલ સ્વામિનારાયણ મંદિરના સંત શ્યામસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રસાર શિક્ષણ ભવન તેમજ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય વિસ્તાર નિર્દેશાલયના સહયોગથી 'રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ -2025'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલપતિ ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ 'સમૃધ્ધ રાષ્ટ્ર માટે સશક્ત મહિલા ખેડૂત' વિષય ઉપર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રસાર શિક્ષણ ભવનના નિયામક ડો. જે. કે. પટેલ દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા. આ તકે સચિવ ડો. સંજય અગ્રવાલે ઉદ્બોધન કર્યું હતું.

આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખાતે 'સસ્ટેનેબલ દિવાળી' પ્રતિજ્ઞા લેવાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ (ખેતીવાડી), આણંદ ખાતે 'સસ્ટેનેબલ દિવાળી' અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બને, નાણાંનો સમજદારીપૂર્વક ઉપયોગ કરે, કુદરતી સ્ત્રોતોની બચત કરે અને સમજદારીથી દિવાળીની ઉજવણી કરે તેવા ઉમદા હેતુથી ખાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ અભિયાન દ્વારા આવનારી દિવાળીને પ્રદૂષણમુક્ત બનાવવામાં આવશે. આ પ્રસંગે ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ અને શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને દિવાળી તેમજ નવા વર્ષની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદ ખાતે 69મી અખિલ ભારતીય શાળાકીય વોલીબોલ સ્પર્ધા યોજાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટીના સહયોગથી ડી.એન. હાઈસ્કૂલ ખાતે 69મી અખિલ ભારતીય શાળાકીય અંડર-17 ભાઈઓ અને બહેનોની રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધા-2025નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. રાજ્ય સરકારના રમતગમત વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પૂર્વ ધારાસભ્ય જશુભા સોલંકી, ચ.એ. સોસાયટીના મંત્રી કેતનભાઈ પી. પટેલ, અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જશુભા સોલંકીએ 'ફિટ ઈન્ડિયા'ના સંકલ્પને સાકાર કરવા રમતગમત પર ભાર મૂક્યો હતો. આ સ્પર્ધા આગામી દિવસોમાં વોલીબોલના રોમાંચક મુકાબલાઓથી ભરપૂર રહેશે.

બોરસદની ઝારોલા હાઈસ્કૂલના આચાર્ય નવીનભાઈ પટેલનો વિદાય સમારંભ યોજાયો

બોરસદ | વાસણા (રાસ) ગામની જલારામ ઉત્તર બુનિયાદી વિદ્યાલયના શાળા પરિવાર તથા ગ્રામજનો દ્વારા ઝારોલા ગામની હાઈસ્કુલના આચાર્ય નવીનભાઈ પટેલનો વયનિવૃત્ત વિદાય સમારંભ યોજ્યો હતો. આ પ્રસંગે બોરસદ તાલુકા પંચાયતના પ્રમુખ મિહિરભાઈ, ગામના સરપંચ, રનોલી હાઇ સ્કૂલના આચાર્ય આશિષભાઈ અન્ય શાળાના આચાર્યો ઝારોલા કેળવણી મંડળના પ્રમુખ ઘનશ્યામભાઈ, ઝારોલા હાઈસ્કૂલના શિક્ષકો તેમજ ગ્રામજનોએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ તબક્કે અવિસ્મરણીય સન્માન કરવા બદલ ઝારોલા હાઈસ્કૂલના આચાર્ય નવીનભાઈ પટેલે, વાસણા (રાસ) હાઈસ્કૂલના શાળા પરિવાર તથા ગ્રામજનોનો આભાર માન્યો હતો.

તારાપુરની સરકારી તાલુકા ગ્રંથાલય ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

તારાપુર | તારાપુરની સરકારી તાલુકા ગ્રંથાલયમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'સ્વદેશી અપનાવો' રાખવામાં આવ્યો હતો. બાદ તારાપુરનાં સરકારી તાલુકા ગ્રંથાલયના સ્ટાફગણ દ્વારા 'વિકાસમાં યુવાઓની ભાગીદારી' વિષય ઉપર વ્યક્તવ્ય રજુ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પત્યા બાદ દરેક સ્પર્ધકોને ગ્રંથાલયની મુલાકાત કરાવી હતી. લાઈબ્રેરીમાં સંગ્રહ કરેલા પુસ્તકો-સંદર્ભ ગ્રંથો, ગુજરાત સરકારની વિવિધ પ્રકારની સરકારી ભરતીને લગતાં સ્પર્ધાત્મક પરીક્ષાને લગતાં પુસ્તકો, જ્ઞાનવર્ધક મેગેજીન વગેરેની સમજ આપવામાં આવી હતી. આ ગ્રંથાલયમાં સંગ્રહ કરેલા પુસ્તકો તેમજ દૈનિકપત્રો વાંચી પોતાનાં જ્ઞાનમાં વધારો કરવા સમજ આપવામાં આવી હતી.

આણંદમાં કસ્તુરબા કન્યા વિદ્યાલય નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં શાળાના આચાર્યા અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાની દરેક વિદ્યાર્થિની બહેનો ગરબે ઘૂમી રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ, ચેરમેન નીરવભાઈ, ડાયરેક્ટર મહેશભાઈ, શાળાના આચાર્યા નિરાલીબેન અને શાળા પરિવારે વિદ્યાર્થિનીઓને નવરાત્રી પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

પેટલાદ તાલુકાની મોરડ પ્રાથમિક શાળામાં ભવ્ય ગરબા મહોત્સવ યોજાયો

પેટલાદ | મોરડ પ્રાથમિક શાળામાં ખૂબ જ ભવ્યતાથી અને આનંદ - ઉલ્લાસથી 500થી વધુ બાળકો, શિક્ષકો તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં અંબે માતાની તમામને વ્યક્તિગત દિવડા આપી સમૂહ આરતી કરીને તેમજ અવનવા ગરબાના તાલે ઝૂમીને ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યે સહકાર આપનાર દાતા, શિક્ષકો તથા ઉત્સવનું આયોજન કરનાર શિક્ષિકા વૈશાલીબેન સુથારનો આભાર વ્યક્ત કર્યો હતો.